દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન

## 3 to 9 February 2018



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

Paresh Chavda

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૩/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### નવી દિલ્હીમાં સાતમું ભારત ઉર્જા સંમેલન આયોજિત થયું.

પ્રાધ્યોગીકી અને ડીઝીટલ અવરોધોને ધ્યાનમાં રાખીને ૪૦૦ થી વધારે વિશેષજ્ઞોએ વિશ્વભરમાં ઉર્જા પરિવર્તન પર મંથન કરેલ.

ભારત ઉર્જા મહાસંમેલન ના સાતમાં સંસ્કરણમાં વિષય રાખવામાં આવેલ **'Energy 4. 0:Energy Transition Towards 2030 '**

'ભારત ઉર્જા મહાસંમેલન' વિશ્વ ઉર્જા પરિષદ ભારતનું મુખ્ય આયોજન છે.

આ ઉપરાંત વિદ્યુત, કોલસા, નવીનીકરણીય ઉર્જા,પરમાણું વિભાગનું સયુંકત આયોજન છે.

## આંતરરાષ્ટ્રીય

### ઈન્ડિયન ઓલિમ્પિક સંઘ દ્વારા સંયુક્ત સચિવ વિક્રમસિંહ સિસોદિયાને રાષ્ટ્રમંડળ ખેલો માટે ઓસ્ટ્રેલીયાના ગોલ્ડ કોસ્ટમાં આયોજિત આગામી રાષ્ટ્રમંડળ ખેલો માટે ભારતીય દળના પ્રમુખના રૂપમાં નિયુક્ત કરાયા.

આઈ.ઓ.એ.એ આ સાથે ત્રણ પ્રબંધકોની નિયુક્તિ પણ કરેલ છે, જે સિસોદિયાને મદદ કરશે.

આ ઉપરાંત ગેમ્સ દરમિયાન તેઓની દિન-પ્રતિદિન આવતી જવાબદારીમાં પણ મદદ કરશે.

સિસોદિયા વર્તમાનમાં છત્તીસગઢ રાજ્યના ટેનિસ સંઘના અધ્યક્ષ છે.

ઓસ્ટ્રેલીયાના બીજા સૌથી મોટા શહેર ગોલ્ડ કોસ્ટમાં ૨૧ માં રાષ્ટ્રમંડળ ખેલોનું આયોજન આગામી ૪ થી ૧૫ એપ્રિલ સુધી કરાશે.

આઈ.ઓ.એ.ના અધ્યક્ષ નરેન્દ્ર ધ્રુવ બત્રા છે, અને આઈ.ઓ.એ.ના સચિવ તરીકે રાજીવ મહેતા સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### નીલમ કપૂરને ભારતીય ખેલ પ્રાધિકરણના ડીજી તરીકે નિયુક્ત કરાયા.

પ્રસિદ્ધ ભારતીય સૂચના સેવા આયોગ (આઈ.આઈ.એસ.) અધિકારી નીલમ કપૂરને ભારતીય ખેલ પ્રાધિકરણના ડીજી તરીકે નિયુક્ત કરાયા છે.

તેણી હાલમાં ક્ષેત્રીય પ્રચાર નિર્દેશાલય (ડી.એફ.પી.) ના મહાનિર્દેશક છે.

આવું પ્રથમવાર બનેલ છે કે આઈ.આઈ.એસ.અધિકારીને આઈ.એ.એસ.પ્રમુખ તરીકે

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

પસંદ કરવામાં આવે.

આ પદ માટે મોટે ભાગે એક ભારતીય પ્રશાસનિક સેવા અધિકારી દ્વારા ગ્રહણ કરવામાં આવે છે.

આજ સુધી ખેલ સચિવ રાહુલ ભટનાગર એસ.એ.આઈ.ડીજીના પદ પર સેવા આપી રહ્યા હતા.

## અન્ય

**મગહી લેખક શેષ આનંદ મધુકરને સાહિત્ય અકાદમી ભાષા સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા.**

ભાષાના વિકાસ માટે મોટા પાયે કામ કરી રહેલ, મગહી લેખક શેષ આનંદ મધુકરને આ વર્ષે સાહિત્ય અકાદમી ભાષા સન્માનથી સન્માનિત કરવામાં આવેલ છે.

સાહિત્ય અકાદમી ભાષા સન્માનથી મગહી ભાષાના બીજા લેખક શેષ આનંદ મધુકરને સન્માનિત કરાયા.

ભાષા સન્માન સ્વરૂપ તેઓને એક સ્મૃતિ ચિન્હ, તથા એક લાખ રૂપિયાની રકમ એનાયત કરાઈ છે.

આ સન્માન સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિશ્વનાથ પ્રસાદ તિવારી દ્વારા પ્રદાન કરવામાં આવેલ.

શેષ આનંદ મધુકરના હિન્દીમાં ઘણા મહત્વપૂર્ણ કાર્ય કરાયેલા છે, 'મગહી કવિતાના બિંબ', 'એકલવ્ય' અને 'ભગવાન બિરસા' છે.

## સમીક્ષા, તારીખ ૩/૦૨/૨૦૧૮

**સુરજ કુંડ આંતરરાષ્ટ્રીય શિલ્પ મેળાનો શુભારંભ થયો.**

હાલમાં ૩૨ માં સુરજ કુંડ શિલ્પ મેળાનો શુભારંભ હરિયાણાના ફરીદાબાદમાં થયેલ છે.

મેળાનું આયોજન પર્યટન,કપડા, સાંસ્કૃતિક અને વિદેશી મામલાના કેન્દ્રીય મંત્રાલયના સહયોગથી કરવામાં આવેલ.

આ દિવસ ૧૭ દિવસ સુધી ચાલશે, તેમાં સંસ્કૃતિની વિશેષતાઓ જોવા મળે છે.

આવનાર લોકો માટે ભોજન વિવિધ અને વિશિષ્ટતા વાળું પીરસાશે.

આ વર્ષે ઉત્તરપ્રદેશ એક થીમ રાજ્ય છે, અને કિર્ગિઝસ્તાન સહભાગી રાષ્ટ્ર છે.

કિર્ગિઝસ્તાનની રાજધાની બીશ્કેક છે, ત્યાનું ચલણ કિર્ગિઝસ્તાની સોમ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૪/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

**શ્યામ બેનેગલને વી.શાંતારામ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.**

મુંબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ સમિતિએ અનુભવી ફિલ્મ નિર્માતા અને નિર્દેશક શ્યામ બેનેગલને વી.શાંતારામ લાઈફટાઈમ અચીવમેંટ એવોર્ડ પ્રદાન કરવાનો નિર્ણય કરેલ છે.

આ પુરસ્કાર મુંબઈમાં એમ.આઈ.એફ.એફ.ના સમાપન સમારોહમાં પ્રસ્તુત કરવામાં આવશે.

આ પુરસ્કાર તેઓને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.વિદ્યાસાગર દ્વારા એનાયત થશે.

આ પુરસ્કારમાં તેમને એક ટ્રોફી અને રૂ. દસ લાખ રોકડા તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

બેનેગલને વૃતચિત્ર આંદોલન માટે આપેલા યોગદાન માટે ઓળખવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રીય

**જોન હેનેસીની આલ્ફાબેટ બોર્ડના નવા અધ્યક્ષના રૂપમાં નિયુક્તિ કરવામાં આવી.**

આલ્ફાબેટે જોન એલ.હેનેસીને કંપની બોર્ડના નવા અધ્યક્ષના રૂપમાં નિયુક્ત કર્યા છે.

હેનેસી વર્ષ ૨૦૦૪ થી બોર્ડમાં કાર્ય કરી રહેલા છે, વર્ષ ૨૦૦૭ થી લીડ ઈન્ડીપેન્ડન્ટ રહ્યા છે.

તેઓએ એરિક સ્મિટની જગ્યા પર નિયુક્તિ મેળવી છે.

સ્મિટ આલ્ફાબેટમાં એક ટેકનીકલ સલાહકારના રૂપમાં કાર્ય કરશે.

હેનેસી સ્ટૈનફોર્ડ યુનિવર્સીટીના પૂર્વ રાષ્ટ્રપતિ છે.અને ટેક ઉદ્યોગમાં વ્યાપક કેરિયર બનાવી ચુક્યા છે.

## રમત-જગત

**ભારતે અન્ડર-૧૯ ક્રિકેટ વિશ્વકપ ૨૦૧૮ જીત્યો.**

ભારતે ઓસ્ટ્રેલીયાને અન્ડર-૧૯ વર્લ્ડકપ જીતવા માટે ચોથીવાર હરાવેલ છે.

ધ મેન ઈન બ્લુએ ન્યુઝીલેન્ડના બે ઓવલમાં ત્રીજીવાર ચેમ્પિયન ઓસ્ટ્રેલીયાને હરાવેલ છે.

ઓસ્ટ્રેલીયાઈ ટીમેં ૨૧૪ રનનું લક્ષ્ય નિર્ધારિત કરેલ અને ભારતે તેને આસાનીથી પૂર્ણ કરેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

મનજોત કાલરાએ પોતાના શાનદાર શતક સાથે મેચના હીરો બનેલા છે.

આ મેચમાં મનજોત કાલરાને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા છે.

ભારતે આ પહેલા વર્ષ ૨૦૦૦,૨૦૦૮ અને ૨૦૧૨ માં આ કપમાં જીત મેળવેલ.

## અન્ય

### ઈ.એ.એમ. સુષમા સ્વરાજે નેપાળની સદભાવના યાત્રા પૂર્ણ કરી.

નેપાળની સદભાવના યાત્રાના સફળ સમાપન બાદ વિદેશમંત્રી સુષમા સ્વરાજ દેશમાં પરત આવ્યા છે.

આ નેપાળમાં ઐતિહાસિક ત્રણ સ્તરની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભારતની પ્રથમ ઉચ્ચ સ્તરીય યાત્રા હતી.

કાઠમંડુમાં રહ્યા દરમિયાન શ્રીમતી સ્વરાજે વિભિન્ન રાજનૈતિક દળોના મુખ્ય નેતાઓ સાથે મુલાકાત કરેલ.

આ વખતે ભારત અને નેપાળ વચ્ચે વયોવૃદ્ધ વિશેષ સંબંધોને આગળ વધારવા માટે દ્વિપક્ષીય ચર્ચા કરેલ.

હાલ નેપાળના રાષ્ટ્રપતિ તરીકે વિદ્યા દેવી ભંડારી સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા,તારીખ ૪/૦૨/૨૦૧૮

### દેશના પ્રધાનમંત્રીએ અસમમાં વૈશ્વિક રોકાણ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું...

આસામમાં પ્રથમ બે દિવસીય વૈશ્વિક રોકાણ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ શિખર સંમેલનમાં રાજ્ય અને ઉત્તર પૂર્વમાં રોકાણને વધારવા માટે ભાર દેવામાં આવેલ છે.

આ સંમેલનનું ઉદ્ઘાટન દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ.

રતન તાતા તથા મુકેશ અંબાણી જેવા ઉદ્યોગપતિઓ આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

ભૂતાન,બાંગ્લાદેશ, જર્મની અને જાપાન સાથે આસિયાન દેશોના રોકાણકારો પણ આ સંમેલનમાં ભાગ લેશે.

હાલ અસમના મુખ્યમંત્રી તરીકે સરબાનંદ સોનોવાલ સેવા આપી રહ્યા છે.

જયારે અસમના રાજ્યપાલ તરીકે જગદીશ મુખી સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૫/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ગંગા નદી પર જળમાર્ગ પરિયોજના માટે (આઈ.ડબ્લ્યુ એ.આઈ.) એ વિશ્વ બેંક સાથે સમજુતી કરાર કર્યા.

ભારતીય આંતરદેશીય જળમાર્ગ પ્રાધિકરણે (આઈ.ડબ્લ્યુ એ.આઈ.) એ બનારસથી હલ્દીયા સુધી રાષ્ટ્રીય જળમાર્ગ એક પર નૌકા વહનને વધારવા માટેની દિશામાં જળમાર્ગ વિકાસ પરિયોજના માટે વિશ્વબેંક સાથે સમજુતી કરાર કરવામાં આવ્યા છે.

નૌકા પરિવહન મંત્રાલયના અનુસાર (આઈ.ડબ્લ્યુ એ.આઈ.) એ વિશ્વબેંક સાથે ૨ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ આ સમજુતી પર હસ્તાક્ષર કરેલ છે.

જળમાર્ગ વિકાસ પરિયોજના (જે.એમ.વી.પી.) માટે આર્થિક બાબતોના વિભાગે નાણા મંત્રાલય સાથે ૩.૭૫ કરોડ ડોલરના ઋણ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

બનારસથી હલ્દીયા સુધી રાષ્ટ્રીય રાજમાર્ગ-૧ (ગંગા નદી પર) નૌવહનને ઉતેજન આપવા માટે લગભગ ૮૦ કરોડ ડોલર વાળી જળમાર્ગ વિકાસ પરિયોજના કાર્યવંત કરવા માટે કેન્દ્રની મંજુરી મળી ગઈ છે.

આ પરિયોજનાથી પૂર્ણ થયા બાદ ઉત્તરપ્રદેશના વારાણસીથી લઈને પશ્ચિમ બંગાળના હલ્દીયા સુધી ૧૩૬૦ કિમી લાંબા જળમાર્ગ પર પંદર હજારથી બે હજાર ટનની ક્ષમતા વાળા સ્ટીમરનું સંચાલન કરી શકાશે.

## આંતરરાષ્ટ્રીય

### રવાન્ડા તમામ માટે આઈ કેયર પ્રદાન કરનાર પહેલો ગરીબ દેશ બન્યો.

રવાન્ડા ઓછી  આંખ વાળો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.

આ દેશ પોતાની ૧૨ લાખ વસતિને સાર્વભૌમિક નેત્ર દેખભાળ પ્રદાન કરે છે.

સરકારે ૫૦૨ સ્થાનિક સ્વાસ્થ્ય કેન્દ્રોમાં રહેલા ૩૦૦૦ થી વધારે આઈ.કેયર નર્સોને પ્રશિક્ષિત કરવા માટે 'વિઝન ફોર એ નેશન' સંગઠન સાથે સમજુતી કરેલ છે.

આ સંસ્થા ચશ્માંની સલાહ આપે છે, ગંભીર નેત્ર સમસ્યા વાળાઓને ક્લીનીકો સંદર્ભે સલાહ આપે છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

માનવ વિકાસ સૂચકાંકમાં રવાન્ડા ૧૫૯ માં સ્થાન પર રહેલ છે.

## રમત-જગત

### ઈન્ડિયા ઓપન બોક્સિંગમાં મૈરી કોમે સુવર્ણ પદક જીત્યું, ભારતે ૧૦ પદક જીત્યા.

પાંચવારના વર્લ્ડ ચેમ્પિયન રહી ચુકેલા મૈરી કોમે નવી દિલ્હીના ત્યાગરાજ ઈનડોર સ્ટેડીયમમાં ઓપન ઈન્ટરનેશનલ મુક્કેબાજી ટુર્નામેન્ટમાં સુવર્ણ પદક જીતેલ છે.

તેણીએ મહિલાઓ માટેની ૪૮ કિગ્રા.વર્ગની ફાઈનલમાં ફિલીપીન્સની જોસી ગાબુકાને ૪-૧ થી હરાવેલ છે.

૧૨ મો ક્રમાંક પ્રાપ્ત કરનાર મુક્કેબાજે પ્રથમ સેમીફાઈનલમાં મંગોલિયાઈ અલ્ટાન સેસેંગ લુત્શેખનને હરાવી ફાઈનલમાં જગ્યા બનાવેલ છે.

આ ઉપરાંત પિંકી રાણીએ પણ મંગોલિયાના જર્ગલન ઓકીર્બાર્ટને ફ્લાઈ ૪૮-૫૧ કિગ્રા. શ્રેણીની ફાઈનલમાં હરાવીને ભારત માટે સુવર્ણપદક જીતેલ.

## અન્ય

### શબનમ અસ્થાનાએ ટાઈમ્સ પાવર વીમેન ૨૦૧૭ પુરસ્કાર જીત્યો.

શબનમ અસ્થાનાને ટાઈમ્સ પાવર વિમેન ઓફ ધ યર ૨૦૧૭ થી સન્માનિત કરવામાં આવ્યા છે.

પુણે માટે ગ્લોબલ પી.આર.ટાઈમ્સ પાવર વુમન ૨૦૧૭ પુરસ્કારની શરૂઆતના માધ્યમથી ટાઈમ્સ ગ્રુપે મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાનની ઉજવણી કરેલ છે.

આ પુરસ્કાર પુણેની મહિલાઓ પર કેન્દ્રીત છે.

અને પ્રતિષ્ઠિત સૂચિમાં ૩૪ પસંદ કરાયેલ મહિલાઓમાં શક્તિ, વર્ચસ્વ અને કમાંડ તથા નિયંત્રણ સામેલ છે.

મહારાષ્ટ્ર સરકારના સામાજિક ન્યાય અને વિશેષ સહાયતા રાજ્યમંત્રી દિલીપ કાંબલે દ્વારા આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે.

## સમીક્ષા, તારીખ ૫ /૦૨/૨૦૧૮

### સયુંકત આરબ અમીરાતની સૌથી લાંબી જીપ લાઈનની શરૂઆત કરવામાં આવી...

સયુંકત આરબ અમીરાતે વિશ્વની સૌથી લાંબી જીપ લાઈનની શરૂઆત કરીને એક રેકોર્ડ નોંધાવેલ છે.

આ જીપ લાઈન લંબાઈમાં ૨.૮૩ કિમીની લંબાઈ ધરાવે છે.

ગીનીસ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારીઓએ રાસ અલ ખૈમાહમાં જીપ લાઈનને પ્રમાણિત

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કરેલ છે.

જૈબલ જેવા દેશમાં સૌથી ઊંચા પર્વતની ટોચ પર એડવેન્ચર પસંદ કરવા વાળા માટે આ બિલકુલ સારી જગ્યા છે.

આ સમુદ્ર સ્તરથી ૧૬૮૦ મીટર ઉંચાઈ પર છે.(૫૫૧૨ ફૂટ)

યુ.એ.ઈ.દેશની રાજધાની અબુધાબી છે, જયારે તેનું ચલણ યુ.એ.ઈ. દિરહમ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૬/૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**મહારાષ્ટ્ર સરકારે ઘોડાજારીમાં નવા વન્યજીવ અભયારણ્યને મંજુરી આપી.**

મહારાષ્ટ્ર સરકારે ચંદ્રપુર જિલ્લાના ઘોડાજારીને રાજ્યનું નવું વન્યજીવ અભ્યારણ્ય જાહેર કરેલ છે.

મહારાષ્ટ્ર રાજ્ય બોર્ડના વન્યજીવની ૧૩ મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવેલ છે.

આ બેઠકની અધ્યક્ષતા રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા કરવામાં આવેલ.

તાડોબાના પુર્વોતરમાં અભયારણ્યમાં ૧૫૯ વર્ગ ચો.કિ.મી. બ્રહ્મપુરી વન હશે.

આ માત્ર વનને નહિ પણ ૪૦ ગામોના પર્યાવરણ અને પર્યટનમાં પણ સુધારો કરશે.

### આંતરરાષ્ટ્રીય

**જાપાને ગ્રહકક્ષામાં નાના ગ્રહને લઈ જવા માટે સૌથી આજસુધીના સૌથી નાના રોકેટનું પ્રક્ષેપણ કર્યું.**

જાપાન એયરો સ્પેસ એક્સ્પ્લોરેશન એજન્સીએ એક સુક્ષમ ઉપગ્રહને કક્ષામાં સ્થાપિત કરવા માટે સક્ષમ વિશ્વના સૌથી નાના રોકેટનું પ્રક્ષેપણ કરેલ છે.

આ રોકેટ યુચીનૌરા અંતરીક્ષ કેન્દ્રથી પ્રક્ષેપિત કરવામાં આવેલ.

આમાં ત્રણ કિલોગ્રામ વજન વાળા ત્રણ યુનિટ ક્યુબસેટ ત્રિકોમ-૧ આર નામથી સ્થાપિત કરવામાં આવેલ છે.

આ સેટેલાઈટ લોન્ચ ત્રિકોમ-૧ મિશનની ફરી ઉડાન હતી, જે વર્ષ ૨૦૧૭ માં એસ.એસ.-૫૨૦ ની નિષ્ફળતામાં ખોવાઈ ગયેલ.

હાલ જાપાનના પ્રધાનમંત્રી તરીકે શિંજો ઓબે સેવા આપી રહ્યા છે.

### રમત-જગત

**જસપ્રીત બુમરાહ,હરમન પ્રીત કૌર ફોર્બ્સ ઈન્ડિયાની ૩૦ અન્ડરની સૂચિમાં સામેલ.**

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ભારતીય ક્રિકેટર જસપ્રીત બુમરાહ અને હરમીનપ્રીત કૌર અને તેમની સાથે ભારતની મહિલા હોકી ટીમના ગોલ કીપર સવિતા પુનિયા અને શુટર હીના સિદ્ધુ ફોર્બ્સ ઈન્ડિયા ૩૦ અન્ડર ૩૦ ન ઈ સૂચિમાં સામેલ થયા છે.

બુમરાહે વર્ષ ૨૦૧૭ માં ૨૩ મેચોમાં ૩૯ વિકેટ લીધી હતી.

તેઓ ત્રીજા નંબરના સૌથી વધારે વિકેટ લેનાર ખેલાડી બન્યા હતા.

જયારે ટી-૨૦ માં તેઓએ ૧૧ ઓઉટિંગ્સમાં ૧૨ વિકેટ લીધેલ.

ડીસેમ્બર ૨૦૧૬ માં હરમનપ્રીત ઓસ્ટ્રેલિયાની બીગ બેશ લીગમાં રમનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બન્યા હતા.

## અન્ય

### ’એક્ઝામ વારિયર્સ’ –દેશના વડાપ્રધાન મોદી દ્વારા લખવામાં આવેલ પુસ્તકનું પ્રકાશન થયું.

દેશના વડાપ્રધાન દ્વારા ’એક્ઝામ વારિયર્સ’ નામના પુસ્તકનું પ્રકાશન થયેલ છે.

પરીક્ષાઓ પહેલા દેશભરના વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે તેનું હાલ પ્રકાશન કરવામાં આવેલ છે.

આ પુસ્તકનું લોકાર્પણ વિદેશમંત્રી સુષમાં સ્વરાજ દ્વારા કરવામાં આવેલ.

આ પુસ્તકને એક વિશિષ્ટ ઉર્જા સાથે યુવાઓને પરીક્ષાઓ અને જીવનની કઠીન ક્ષણોનો સામનો કરવા માટે પ્રેરિત કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

’એક્ઝામ વારિયર્સ’ને પેન્ગુઈન ઈન્ડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.આ પુસ્તકના ૨૦૮ પાના છે.

## સમીક્ષા,તારીખ ૬/૦૨/૨૦૧૮

### શ્રીલંકાએ ૭૦ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી...

શ્રીલંકાના કોલંબોના ગેલે ફેસ ગ્રીનમાં એક સમારોહ આયોજિત કરાયેલ.

આ સમારોહમાં શ્રીલંકા દેશે પોતાનો ૭૦ મો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો.

આ સમારોહનો મુખ્ય વિષય ’એક રાષ્ટ્ર’ રાખવામાં આવેલ.

આ એ દિવસ હતો, જયારે વર્ષ ૧૯૪૮ માં શ્રીલંકાએ બ્રિટન દેશ પાસેથી સ્વતંત્રતા હાંસલ કરી હતી.

બ્રિટનના રાણીનું પ્રતિનિધિત્વ કરતા મુખ્ય અતિથી તરીકે પ્રિન્સ એડવર્ડે હાજરી આપી હતી.

હાલ શ્રીલંકાના રાષ્ટ્રપતિ તરીકે મૈત્રીપાલા સીરીસેના સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

હાલ શ્રીલંકાના પ્રધાનમંત્રી તરીકે રાનીલ વિક્રમસિંહ સેવા આપી રહ્યા છે.

# કરંટ અફેર્સ, તારીખ ૭/૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### વાણિજ્ય મંત્રીએ નવી ઔદ્યોગિક નીતિ પર ચર્ચાની શરૂઆત કરી.

વાણીજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી સુરેશપ્રભુએ ઉદ્યોગ જગતના સાથે પ્રસ્તાવિત નવી ઉદ્યોગનીતિ પર એક દેશવ્યાપી ચર્ચાની શ્રેણીની શરૂઆત કરેલ છે.

પ્રથમ ચર્ચા ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ગુવાહાટીમાં આયોજિત કરવામાં આવેલ.

ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ મહાસંઘ(ફિક્કી) દ્વારા આયોજિત આ બેઠકમાં પૂર્વના સરકારી અધિકારીઓ સાથે ૧૨૦ થી વધારે ઉદ્યોગપતિઓએભાગ લીધેલ.

## આંતરરાષ્ટ્રીય

### યુ.એન.વિશ્વ ખાદ્ય કાર્યક્રમને સ્વીડને ૩૭૦ મીલીયન ડોલરની સહાયતા કરી રેકોર્ડ બનાવ્યો.

સ્વીડન અને સયુંકત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમના આગળના ચાર વર્ષમાં ડબ્લ્યુ.એફ.પી.ને એક અભૂતપૂર્વ ૩૭૦ મીલીયન અમેરિકન ડોલર દેવા માટેની ભાગીદારી પર સમજુતી કરાર કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૮-૨૧ ની સમય મર્યાદામાં આ યોગદાન ડબ્લ્યુ.એફ.પી. સમજુતી પર એક દાનકર્તા દ્વારા કરવામાં આવેલ સૌથી મોટું દાન છે.

લગભગ એક દશકથી સ્વીડીશ સરકારે ડબ્લ્યુ.એફ.પી.ને અપાયેલ દાન સૌથી મોટું છે.

સરકારી ફંડિંગનું ૯૦ ટકા વિશિષ્ઠ અભિયાન અથવા ગતિવિધિ માટે નિર્ધારિત કરવામાં આવે છે.

સ્વીડનની રાજધાની સ્ટોકહોમ છે, ત્યાનું ચલણ સ્વીડીશ ક્રોના છે.

## રમત-જગત

### શુભંકર શર્મા બન્યા વિશ્વના સર્વશ્રેષ્ઠ ભારતીય ગોલ્ફર.

શુભંકર શર્મા વિશ્વના સર્વશ્રેષ્ઠ ભારતીય ગોલ્ફર બન્યા છે.

તેઓ અધિકારીક વર્લ્ડ ગોલ્ફ રેક્િંગમાં ૭૨ માં સ્થાને પહોંચી ગયા છે.

મલેશિયાના કુઆલાલમ્પુરમાં મેબેક ચેમ્પિયનશીપ તેઓએ જીતેલ છે.

શર્માએ આંતરરાષ્ટ્રીય સ્તર પર છેલ્લા ઘણા મહિનાઓથી કે નવા સમયનો આનંદ લીધેલ છે.

તેઓએ જોબર્ગ ઓપનમાં પહેલા યુરોપીયન ટુરનો ખિતાબ જીતેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

સયુંકત રાજ્ય અમેરિકાના દસ્ટિન જોનસન વર્તમાનમાં આધિકારિક વિશ્વ ગોલ્ફ રેન્કિંગમાં પ્રથમ સ્થાન પર છે.

## અન્ય

### ભારતે સફળતાપૂર્વક પરમાણું સક્ષમ અગ્નિ-૧ મિસાઈલનું પરીક્ષણ કર્યું.

અગ્નિ-૧ મિસાઈલ સ્વદેશી ટેકનીકથી વિકસિત કરવાં આવેલ છે.

તે જમીનથી જમીન પર માર કરવાની ક્ષમતા ધરાવે છે.

આ મિસાઈલનું પરીક્ષણ ઓડીશાના કિનારે રહેલા અબ્દુલ કલામ દ્વીપ પર કરવામાં આવેલ.

આ પરીક્ષણ ભારતીય સેનાના સામરિક બળ કમાન દ્વારા આયોજિત કરવામાં આવેલ.

આ મિસાઈલની મારક ક્ષમતા ૭૦૦ કિમી છે, અગ્નિ-૧ નું આ ૧૮ મુ સંસ્કરણ છે.

ભારતીય સૈન્યમાં મિસાઈલ વર્ષ ૨૦૦૪ થી સામેલ છે.

આ મિસાઈલ ૧૦૦૦ કિલો સુધીનું પે લોડ કરી શકે છે.

## સમીક્ષા,તારીખ ૭/૦૨/૨૦૧૮

### યુનિસેફ સાથે મળીને યુપીએ સરકારે શરુ કર્યું દસ્તક અભિયાન...

ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે યુનિસેફ સાથે મળીને રાજ્યમાં ઘાતક એન્સેફલાઈટીસ સિન્ડ્રોમ.અને જાપાનીઝ એન્સેફલાઈટીસ રોગને ખતમ કરવા માટે વ્યાપક દસ્તક નામનું અભિયાન શરુ કરેલ છે.

દસ્તકનો સિંહનાદ દરવાજા ખટ-ખટાવો એઈએસ અને જેઈને ભગવો છે.

દસ્તક અભિયાનમાં યુનિસેફની મદદથી પૂર્ણ રાજ્ય સામગ્રી ૩૮ જેઈએસ અને એઈ પ્રભાવિત જીલ્લાઓના ઘર-ઘર સુધી જશે.

આ વિસ્તાર વધારે પડતો તરાઈ ક્ષેત્રમાં આવેલ છે.

યુનિસેફનું પુરુનામ યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રનસ ઈમરજન્સી ફંડ થાય છે.

હાલમાં યુનિસેફના કાર્યકારી નિર્દેશક તરીકે હેનરીટા એચ.ફોર સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ,તારીખ ૦૮/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### આંધ્રપ્રદેશના અટાપક પક્ષી અભ્યારણમાં પ્રથમ પેલીકન મહોત્સવ આયોજિત કરાયો.

આંધ્રપ્રદેશ સરકારે કોલ્લેરું પર અટાપક પક્ષી અભ્યારણમાં પ્રથમ પેલિકન મહોત્સવ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આયોજિત કરાયો છે.

તંત્ર દ્વારા એક દિવસીય આયોજનની તૈયારી કરવાનો નિર્ણય કરેલ છે.

કોલ્લેરું દેશનું સૌથી મોટા મીઠા પાણીના સરોવરમાનું એક સરોવર છે.

અટાપક ગામ કૃષ્ણા અને પશ્ચિમી ગોદાવરી જીલાઓની સરહદ પર સ્થિત છે.

હાલ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે એન.ચંદ્રબાબુ નાયડુ સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### વિધાર્થીઓને ડીઝીટલ સુરક્ષા શીખવવા માટે ગૂગલ અને એન.સી.ઈ.આર. ટી.એ સમજુતી કરાર કર્યા.

ગુગલ અને એન.સી.ઈ.આર.ટી.એ સૂચના અને પ્રાધ્યોગીકીના પાઠ્યક્રમોમાં ડીઝીટલ નાગરિકતા અને સુરક્ષા પર એક પાઠ્યક્રમને એકીકૃત બનાવવા માટે સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ ૬ ફેબ્રુઆરી ના રોજ મનાવવામાં આવે છે.

આ અવસર પર બંને સંસ્થાઓ વચ્ચે સમજુતી કરાર કરવામાં આવેલ છે.

એન.સી.ઈ.આર.ટી.નું પુરુનામ નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીગ થાય છે.

ગુગલના સહયોગથી દેશની ૧.૪ મીલીયન આ પાઠ્યક્રમ લાગુ કરાશે.

## રમત-જગત

### ઝૂલન ગૌસ્વામી બન્યા ૨૦૦ વિકેટ લેનાર વિશ્વના પહેલા મહિલા ક્રિકેટર.

ટીમ ઈન્ડીયાના અનુભવી ઝડપી બોલર ઝૂલન ગૌસ્વામી વન-ડે ક્રિકેટમાં ૨૦૦ વિકેટ લેનાર વિશ્વના પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે.

ગૌસ્વામીએ દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ૧૬૬ વન-ડે માં પોતાની ઉપલબ્ધી હાંસલ કરેલ છે.

ગૌસ્વામી મેં ૨૦૧૭ માં મહિલા એક દિવસીય મેચોમાં સૌથી વધારે વિકેટ લેનાર મહિલા બન્યા હતા.

તેણીએ ઓસ્ટ્રેલીયાના પૂર્વ ઝડપી મહિલા બોલર કેથ્રીન ફીત્ઝપૈટ્રિકના ૧૮૦ વિકેટના રેકોર્ડને તોડી નાંખેલ છે.

## અન્ય

### સ્પેસએક્સે મંગળની તરફ પોતાના સૌથી શક્તિશાળી રોકેટને લોન્ચ કર્યુ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

અમેરિકા સ્થિત સ્પેસએક્સએ સફળતાપૂર્વક મંગળ ગ્રહ તરફ વિશ્વના સૌથી શક્તિશાળી પરિચાલન રોકેટ ફાલ્કન હેવીને લોન્ચ કરેલ છે.

રોકેટ ટેસ્લા રોડસ્ટર કાર લઈને સૂર્યની ચારે તરફ આ પ્રકારે ફરશે.

તેનાથી તે વારંવાર સૂર્ય તથા મંગળની નજીક જશે.

ફાલ્કન હેવી કાર જે બળ અને ક્ષમતા માટે નાસાના સૈટર્ન પાંચ બાદ સૌથી વધારે છે.

સ્પેસએક્સના સ્થાપક અને સીઈઓ એલેન મસ્ક છે.આ સંસ્થા ૨૦૦૨ માં સ્થાપિત કરવામાં આવેલ.

## સમીક્ષા,તારીખ ૦૮/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મહામસ્તિકાભિષેક ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું...

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કર્ણાટકના હસ્સન જીલ્લામાં આ ઉત્સવનું ઉદ્ઘાટન કરેલ છે.

આ ઉત્સવ ભગવાન ગોમતેશ્વરના ૮૮ માં મહામસ્તિકાભિષેક ઉત્સવ ગણાય છે.

ગોમતેશ્વરનો મહામસ્તિકાભિષેક જેને બાહુબલીના નામથી પણ ઓળખવામાં આવે છે.

આ એક મહત્વપૂર્ણ જૈન તીર્થ સ્થળ કેન્દ્ર છે,આ ઉત્સવ ૧૨ વર્ષમાં એકવાર આવે છે.

અહી લાખો પર્યટકો આવે છે, અહીની મૂર્તિ ૫૭ ફૂટ ઉંચી છે.

આ મૂર્તિને અખંડ પથ્થરમાંથી બનાવવામાં આવી છે, આ મંત્રીને જોવા માટે લોકો શ્રાવણબેલાગોલાની યાત્રા કરે છે.

હાલ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે સિદ્ધારમૈયા સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ ૦૯/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ રોડોડેડર ઉદ્યાનનું ખાતમુહુર્ત કર્યું.

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પ્રેમા ખાંડુએ તવાંગમાં રોડોડેડર ઉદ્યાનનું ખાતમુહુર્ત કરેલ છે.

તેઓએ રોડોસના વિભિન્ન પ્રકારોના વૃક્ષારોપણ અભિયાનને પણ અંઝામ આપેલ છે.

તવાંગ ૫૦ થી વધારે પ્રકારના રોડોસનું ઘર છે.

આ ખાતમુહુર્ત ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ.

હાલ અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે પ્રેમા ખાંડુ સેવા આપી રહ્યા છે,જયારે ત્યાંના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ગવર્નર તરીકે બ્રિગેડીયર બી.ડી.મિશ્રા સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### પાંચમાં દક્ષિણ એશિયા ક્ષેત્રના સાર્વજનિક ખરીદ સંમેલનનું આયોજન નવી દિલ્હીમાં થયું.

પાંચમાં દક્ષિણ એશિયાઈ ક્ષેત્રનું સાર્વજનિક ખરીદ સંમેલનનું આયોજન નવી દિલ્હીમાં કરવામાં આવી રહેલ છે.

આ નાણા મંત્રાલય અને અખિલ ભારતીય પ્રબંધન સંઘ (એ.આઈ.એમ.એ.) ના સાર્વજનિક ખરીદ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે.

આ આયોજન દક્ષિણ એશિયા ક્ષેત્ર સાર્વજનિક ખરીદ નેટવર્ક (એસ.એ.આર.પી.પી.એન.) દ્વારા વિશ્વબેંક,એડીબી, તથા ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંકના સહયોગથી કરવામાં આવેલ છે.

આ સંમેલનનો મુખ્ય વિષય 'સાર્વજનિક ખરીદ અને સેવા વિતરણ' છે.

દક્ષિણ એશિયાઈ ક્ષેત્ર સાર્વજનિક ખરીદ સંમેલનનું પહેલું સંસ્કરણ વર્ષ ૨૦૧૦ માં કાઠમંડુમાં આયોજિત થયેલ.

## રમત-જગત

### ભારતની મહિલા ક્રિકેટર ટીમે સાઉથ આફ્રિકાની સામે રમાયેલ બીજી વન-ડે ૨-૦ થી જીતી.

ભારતીય મહિલા ક્રિકેટરોમાં ઓપનર સ્મૃતિ મન્ધાનાએ આક્રમક ૧૩૫ રનની ઈનિંગ્સ રમીને બીજી વન-ડે જીતવામાં સફળતા હાંસલ કરવામાં મહત્વનો ફાળો આપેલ છે.

આઈ.સી.સી વિમેન્સ ચેમ્પિયનશીપના ભાગ રૂપે બીજી વન-ડેમાં આફ્રિકાને ૧૭૮ રનથી હરાવેલ છે.

આ મેચની શરૂઆતમાં આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કરેલ.

ભારત ત્રણ વિકેટે ૩૦૨ રનનો સ્કોર નોંધાવેલ, તેમાં સ્મૃતિ મંધાનાનીએ ૧૩૫ રન બનાવેલ.

આ મેચમાં જુલન ગૌસ્વામીએ ૨૦૦ વિકેટ પૂરી કરેલ.

## અન્ય

### એચ.એ.એલ. દ્વારા વિકસિત કરવામાં આવ્યું હોક-આઈ એ પહેલી ઉડાન ભરી.

ધ હિન્દુસ્તાન એયરોનેટીક્સ લીમીટેડે સ્વદેશી રિયલ ટાઈમ ઓપરેટીંગ સીસ્ટમ (આર.ટી.ઓ.એસ.) સાથે મળીને હોક-આઈની પ્રથમ ઉડાન વિકસિત કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

હોક-આઈ ભારતમાં વિકસિત કરવામાં આવેલ પ્રથમ સ્વદેશી આર.ટી.ઓ.એસ. છે.

સેન્ટર ફોર મિલેટ્રી વાયબરનેસ એન્ડસર્ટીફીકેશન દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

આર.ટી.ઓ.એસ. એક સીસ્ટમ સોફ્ટવેર છે, જે એક સુરક્ષિત અને વિશ્વસનીય રીતથી વાસ્તવિક સમય અનુપ્રયોગ નિષ્પાદ માટે એક માનક કાર્યવિધિ પ્રદાન કરે છે.

એચ.એ.એલ.ના અધ્યક્ષ તરીકે ટી.સુવર્ણા રાજુ સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા, તારીખ ૯/૦૨/૨૦૧૮

### પરમાણું –સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું...

ભારતે સ્વદેશી રૂપથી વિકસિત પરમાણું હથિયાર લઈ જવા માટે સક્ષમ મિસાઈલ પૃથ્વી-૨ મિસાઈલનું પરીક્ષણ કરેલ છે.

આ પરીક્ષણ ચાંદીપુર ઓરિસ્સા ખાતે પરીક્ષણ કેન્દ્રમાં કરવામાં આવેલ.

આ મિસાઈલ ૩૫૦ કિલોમીટર દુર સુધી જમીનથી જમીન સુધી માર કરવાની ક્ષમતા ધરાવે છે.

પૃથ્વી-૨ મિસાઈલ ૫૦૦ થી ૧૦૦૦ કિલોગ્રામ સુધી હથિયારો લઇ જવા માટે સક્ષમ છે.

અને તેના બંને એન્જીન પ્રવાહી બળતણથી ચાલે છે.

આ મિસાઈલ દેશના સશસ્ત્ર બળોમાં વર્ષ ૨૦૦૩ થી સામેલ કરવામાં આવેલ છે.

નવમીટર લાંબી એક એન્જીન પ્રવાહી બળતણ વાળી પૃથ્વી-૨ મિસાઈલ પ્રથમ છે,જેને ડી.આર.ડી.ઓ.દ્વારા ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વિકસિત કરવામાં આવેલ છે.

એસ. ક્રિસ્ટોફર ડી.આર.ડી.ઓ.ના અધ્યક્ષ છે, તેનું વડુંમથક નવી દિલ્હીમાં આવેલ છે.

EduSafar

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઇ રહ્યા છો,

આ કરંટ અફેર્સના **ગુજરાતી વિડીયો** પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે **અન્ય જીકે** પણ સમાવવાનો પ્રયાસ **પરેશભાઈ ચાવડા** દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ **સબસ્ક્રાઈબ** ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો **તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો.** પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

**એજ્યુસફર પરિવાર**

EduSafar

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. અથવા

આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com



કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે
YouTube પર જઈ,
EduSafar લખી,
સર્ચ કરી,
ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar